વેપારીઓ, કર્મચારીઓ અને ગ્રાહકો બહાર નીકળી જતાં જાનહાનિ ટળી

હજારો વેપારી હાજર હતા ત્યારે રિજન્ટ માર્કેટમાં આગ લાગી

કમેલા દરવાજાની માર્કેટમાં ત્રીજા માળે આગ આગામાં કાપડનો નોટો જથ્થો ખાખ

10 ફાયર સ્ટેશનની 17થી વધુ ગાડીઓએ આગને કાબૂમાં લીધી

સુરતઃ સુરત શહેરના ટેક્સટાઈલ માર્કેટોમાં આગ લાગવાની ઘટનાઓનો સિલસિલો યથાવત રહેતાં કમેલા દરવાજા વિસ્તારમાં આવેલી જાણીતી રિજન્ટ ટેક્સટાઈલ માર્કેટમાં આજે રાત્રે ભીષણ આગ ફાટી નીકળી હતી. માર્કેટના ત્રીજા માળે અચાનક આગ લાગતાં કાપડના જથ્થાને કારણે થોડી જ વારમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગના ધુમાડાના ગોટેગોટા દૂરથી દેખાતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને 10થી વધુ ફાયર સ્ટેશનની 17થી વધુ ફાયરફાઈટર ગાડીઓ ઘટનાસ્થળે દોડી આવી હતી અને આગ પર કાબૂ મેળવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. માનદરવાજા, મજૂરાગેટ સહિત આસપાસના ફાયર સ્ટેશનોની ટીમોને પણ કામગીરીમાં જોડવામાં આવી હતી.

ફાયર બ્રિગેડના સૂત્રોના જણાવ્યા મુજબ, ત્રીજા માળે આવેલી ઓમગુરુ નામની દુકાનમાં આગ લાગી હતી. પ્રાથમિક માહિતી મુજબ રિજન્ટ ટેક્સટાઈલ માર્કેટના ત્રીજા માળે આવેલી દુકાનોમાંથી અચાનક ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો. ત્યારબાદ આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. માર્કેટમાં કાપડનો મોટો જથ્થો હોવાથી આગ ઝડપથી પ્રસરી હોવાનું જાણવા મળ્યું છે. આગની જાણ થતાં માર્કેટમાં હાજર વેપારીઓ, કર્મચારીઓ અને ગ્રાહકોમાં નાસભાગ મચી ગઈ હતી. લોકો તાત્કાલિક માર્કેટમાંથી બહાર નીકળી સલામત સ્થળે પહોંચ્યા હતા.

આગની ઘટનાને પગલે કમેલા દરવાજા વિસ્તારમાં પણ ભારે ભીડ એકત્ર થઈ હતી. પ્રાથમિક તબક્કે આગ શોર્ટસર્કિટના કારણે લાગી હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, આગનું ચોક્કસ કારણ ફાયર વિભાગની તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

વારંવાર લાગતી આગે માર્કેટમાં ફાયર સેફ્ટી, ઈલેક્ટ્રિકલ વાયરિંગના પ્રશ્નો ઊભા કર્યા

ટેક્સટાઇલ માર્કેટોમાં વારંવાર આગની ઘટનાઓ બનતી હોવાના સંદર્ભમાં આ બનાવે ફરી એક વખત માર્કેટોની ફાયર સેફટી, ઇલેક્ટ્રિકલ વાયરિંગ અને ઇમરજન્સી ફાયર સેફટી વ્યવસ્થાઓ અંગેના સવાલો ઊભા કર્યા છે. હાલ ફાયર વિભાગની ટીમો આગ પર સંપૂર્ણ કાબૂ મેળવવા અને ત્યારબાદ કૂલિંગની કામગીરીમાં વ્યસ્ત છે.

ચારેય તરફથી પાણીનો મારો, ભારે ધુમાડાથી મુશ્કેલી

ફાયર વિભાગની ટીમોએ ઘટનાસ્થળે પહોંચીને આગને કાબૂમાં લેવા માટે ચારેય તરફથી પાણીનો મારો શરૂ કર્યો હતો. ત્રીજા માળે કાપડનો જથ્થો હોવાથી આગની તીવ્રતા વધુ રહેતાં ફાયર જવાનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. માર્કેટની અંદરથી સતત ધુમાડો નીકળતો હોવાથી આગના ચોક્કસ કેન્દ્ર સુધી પહોંચવામાં પણ મુશ્કેલી પડી રહી હતી. ફાયર વિભાગ દ્વારા આગને અન્ય દુકાનો અને માળ સુધી ફેલાતી અટકાવવા માટે પણ સઘન કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આગ વચ્ચે પણ કેટલાક વેપારીઓએ માલ શિફ્ટ કર્યો

જેટલી માર્કેટમાં આગ લાગે છે તેમાં આગ કરતાં વધુ નુકસાન તેને ઓલવવા માટે પાણીના મારાને લીધે થાય છે. જેથી કેટલાક વેપારીઓએ માર્કેટમાં ચાલુ આગ વચ્ચે કાપડની શિફ્ટ કરવાની કામગીરી કરી હતી.

એમ્બ્યુલન્સમાં ICUના નામે રૂ.૬૫.૪૦ લાખની ઠગાઈ

‘સનસાઈ એમ્બ્યુલન્સ’ના નામે સુરતના ફાયનાન્સરને કોન્ટ્રાક્ટ બતાવી ૫થી ૧૫ ટકા નફાની લાલચ આપી હતી

સુરતઃ ઘોડદોડ રોડ ખાતે બેંક લોન અને ઈન્વેસ્ટમેન્ટની ઓફિસ ધરાવતા ફાયનાન્સર સાથે એમ્બ્યુલન્સમાં આઈ.સી.યુ. (ICU) વાહન બનાવવાના બિઝનેસમાં મોટા નફાની લાલચ આપી રૂ.૬૫.૪૦ લાખની ઠગાઈ આચરવાનો સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે.

રાંદેરના પાલનપુર પાટિયા વિસ્તારમાં આવેલા પુનીતનગરમાં રહેતા અને ઘોડદોડ રોડ સૂર્યકિરણ એપાર્ટમેન્ટમાં ઓફિસ ધરાવતા ૪૦ વર્ષીય દેવેન્દ્રભાઈ રાજારામ વ્યાસની ઓળખાણ ૨૦૨૨માં મિત્રો મારફતે હેમંત ડાહ્યાભાઈ પરમાર (રહે., સિદ્ધિ વિનાયક રેસિડેન્સી, ભાઠા, સુરત) સાથે થઈ હતી. હેમંત પરમારે પોતાની ‘સનસાઈ એમ્બ્યુલન્સ’ કંપની પાસે બેંગલોર અને હૈદરાબાદના ૧૬ એમ્બ્યુલન્સના મોટા કોન્ટ્રાક્ટ્સ હોવાનું જણાવી એમ્બ્યુલન્સમાં આઈ.સી.યુ. બનાવવા માટે રોકાણ કરવા પર મહિને ૫થી ૧૫ ટકા નફાની ખાતરી આપી હતી. દેવેન્દ્રભાઈએ તા. ૨૭/૦૫/૨૦૨૩ થી ઓનલાઈન તેમજ મિત્રોની હાજરીમાં ભાઠા ગામ, પાલ હવેલી સામે, આરટીઓ સર્વિસ રોડ, વેસુ, ઘોડદોડ રોડ તથા પોતાના ઘરેથી કટકે કટકે કુલ રૂ. ૬૬,૦૦,૦૦૦ (છાસઠ લાખ) હેમંતને આપ્યા હતા. આટલું મોટું રોકાણ કરાવ્યા બાદ પણ આરોપીએ કોઈ નફો આપ્યો ન હતો. દેવેન્દ્રભાઈએ ઉઘરાણી કરતાં હેમંતે માત્ર રૂ.૬૦,૦૦૦ રોકડા પરત કર્યા હતા. બાદ વારંવાર ધક્કા ખવડાવ્યા ખવડાવ્યા બાદ હેમંતે પોતાના હસ્તાક્ષરમાં રૂ.૩૨,૦૦,૦૦૦ આપવાના થાય છે, તેવું લેખિત લખાણ આપ્યું હતું. છતાં, એકપણ રૂપિયો પરત ન કરતાં પાલ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

કોર્ટમાં સાક્ષી પુરાવવાની અદાવતમાં ટ્યુશન ક્લાસિસના સંચાલક પર હુમલો

અગાઉ ચોરી-મારામારીમાં પકડાયેલા રવિ ઉર્ફે બંટી ચોરે પાંડેસરાના ટ્યુશન ટીચરને લાકડાનો ફટકો ફટકાર્યો

પોલીસે રવિ ઉર્ફે બંટી તુકારામ બડગુજર સામે ગુનો નોંધી ગણતરીના કલાકોમાં જ જેલભેગો કર્યો

સુરતઃ કોર્ટમાં પોતાની વિરુદ્ધ સાક્ષી તરીકે જુબાની કેમ આપી તે બાબતે અદાવત રાખી પાંડેસરા વિસ્તારમાં અગાઉ ગુનાહિત ઈતિહાસ ધરાવતા અને માથાભારે છાપ ધરાવતા આરોપી રવિ ઉર્ફે બંટી ઉર્ફે ચોરે અદાવત રાખીને ટ્યુશન ક્લાસ ચલાવતા શિક્ષક પર લાકડાના ફટકા વડે પ્રાણઘાતક હુમલો કર્યાની ઘટના સામે આવી છે. પાંડેસરા પોલીસ સ્ટેશનના પીઆઈ કે.ડી.જાડેજાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, પાંડેસરા ખાતે આવેલી આવિર્ભાવ સોસાયટી વિભાગ-૧માં રહેતા અને ઉધના રોડ નં.૬ ખાતે ‘રેડિયન્ટ ક્રેડ કેમ ઈન્સ્ટિટ્યૂટ’ નામે ટ્યુશન ક્લાસ ચલાવતા ૪૦ વર્ષીય પીયૂષભાઈ ચંદ્રકાંતભાઈ ગજ્જર તા.૨૨/૯/૨૦૨૬ના રોજ રાત્રે સાડા અગિયાર વાગ્યાના સુમારે ગણપતિ બાપ્પાનાં દર્શન કરી ઘરે પરત ફરી રહ્યા હતા. તે વખતે મિત્રનો ફોન આવતાં તેઓ સોસાયટીના પ્લોટ નં.૫૪૯ પાસે ઊભા રહી વાત કરી રહ્યા હતા. આ સમયે અગાઉ ચોરી અને મારામારીના ગુનાઓમાં પકડાઈ ચૂકેલો સોસાયટીનો જ રહીશ રવિ ઉર્ફે બંટી ઉર્ફે ચોર તુકારામ બડગુજર ત્યાં ધસી આવ્યો હતો. તેણે પીયૂષભાઈને કહીને ઉશ્કેરાઈ ગયો હતો કે, તેં કેમ મારી વિરુદ્ધ કોર્ટમાં સાક્ષી તરીકે જુબાની આપી છે? પીયૂષભાઈએ ગાળો આપવાની ના પાડતાં જ આરોપીએ ‘તને આજે જીવતો નહીં છોડું’ તેવી ધમકી આપી ઝપાઝપી શરૂ કરી દીધી હતી. આરોપીએ ઢીકમુક્કીનો માર મારી પીયૂષભાઈને નીચે પાડી દીધા હતા અને નજીકમાં પડેલો લાકડાનો ફટકો ઉગામ્યો હતો. પીયૂષભાઈએ બચવા હાથ આડો ધરતાં જમણા હાથના પંજા પર સપાટો વાગતાં ગંભીર ઈજા પહોંચી હતી. પાંડેસરા પોલીસે રવિ ઉર્ફે બંટી ચોરની ધરપકડ કરી હતી.

છેડતીખોર રિક્ષાચાલકને જાહેરમાં મહિલાઓએ ચપ્પલથી ફટકાર્યો

એકતરફી પ્રેમમાં અવારનવાર યુવતીનો પીછો કરતાં આરોપી ખાન મોહમ્મદને સ્થાનિકોએ ઝડપી પોલીસને હવાલે કર્યો

સુરતઃ વેસુ સ્થિત સન આર્કેડ નજીક એક યુવતીની છેડતી kjvej રિક્ષાચાલકને સ્થાનિક લોકો અને મહિલાઓએ જાહેરમાં પકડી પાડી બરાબરનો પાઠ ભણાવ્યો હતો. ઝડપાયેલા રિક્ષાચાલકની ઓળખ ખાન મોહમ્મદ જાવિદ તરીકે થઈ છે. રીક્ષાચાલકની ધોલાઈ અંગે વિડીયો વાઈરલ થયો હતો.

આરોપી રિક્ષાચાલક છેલ્લા ઘણા સમયથી એક યુવતીનો અવારનવાર પીછો કરી તેને હેરાન-પરેશાન કરતો હતો. ઘટનાના દિવસે આરોપી ફરી એક વખત યુવતીનો પીછો કરતો કરતો સન આર્કેડ પાસે પહોંચ્યો હતો. જોકે, તેની આ હરકતો પર સ્થાનિક જાગૃત નાગરિકોની નજર પડી જતાં લોકોનો રોષ ફાટી નીકળ્યો હતો. ગુસ્સે ભરાયેલા લોકોએ છેડતીખોર રિક્ષાચાલકને સ્થળ પર જ ઝડપી લઈને ઢોર માર માર્યો હતો.

એક મહિલા આરોપીના વાળ ખેંચીને તેના મોઢા પર ઉપરાછાપરી સાતથી આઠ વખત ચપ્પલ ફટકારી રહી છે. જાહેરમાં રિક્ષાચાલકની બરાબરની ધોલાઈ કર્યા બાદ સ્થાનિકોએ તાત્કાલિક વેસુ પોલીસને જાણ કરી હતી. બનાવની જાણ થતાં જ પોલીસે ઘટનાસ્થળે આવીને રીક્ષાચાલક ખાન મોહમ્મદ જાવિદની અટકાયદત કરી હતી.

વીમા પોલિસીના રિફંડના નામે સુરતના ડોક્ટર પાસેથી રૂ.૧.૫૦ કરોડ પડાવ્યા

‘વીમા લોકપાલ’ના અધિકારી બની ફોન કર્યો, GST-RBI-EDના નામે ડરાવી અલગ-અલગ બેંક ખાતામાં રકમ પડાવી

સુરતઃ વીમા પોલિસીમાં ફસાયેલા નાણાં પરત અપાવવાના બહાને સુરતના ૬૬ વર્ષીય ડોક્ટરને સાયબર ઠગોએ લાંબા સમય સુધી નિશાન બનાવી તેમની પાસેથી અંદાજે રૂ.૧.૫૦ કરોડથી વધુની રકમ પડાવી લીધી હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે.

વરાછાના વિક્રમનગરમાં ક્લિનિક ધરાવતા અને એલ.એચ. રોડ સ્થિત ત્રિકમનગર વિભાગ એકમાં રહેતા વ્યવસાયે MBBS ડોક્ટર વિનોદરાય તુલષીભાઈ પટેલ (ઉં.વ.૬૬)એ સાયબર ક્રાઈમ પોલીસમથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૮માં તેમને અલગ-અલગ મોબાઈલ નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતે ‘વીમા લોકપાલ’માંથી સુમિતા પાલ બોલતા હોવાનું જણાવી તેમના પિતા તુલષીભાઈ પટેલે અગાઉ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરેલા નાણાં પરત મેળવવા માટે કેટલીક વીમા પોલિસી લેવી પડશે તેવી વાત કરી હતી.

નાણાં પરત મળવાની અને પોલિસીમાંથી પેન્શન પણ મળશે તેવી લાલચ આપી હતી. તેમની વાતમાં આવી ડોક્ટરે પોતાના તથા પરિવારના નામે HDFC Life, IndiaFirst અને Bharti AXA સહિતની કુલ ૧૨ પોલિસી લીધી હતી.

૨૦૨૪માં રૂ.૩૯.૩૦ લાખ, ૨૦૨૫માં રૂ.૫૬.૨૬ લાખ પડાવ્યા

ફરિયાદ મુજબ, ઠગાઈનો સિલસિલો વર્ષ ૨૦૨૪માં પણ ચાલુ રહ્યો હતો. અલગ-અલગ બહાના ૨૦૨૩થી ૨૦૨૬ દરમિયાન જ ડોક્ટર પાસેથી આશરે રૂ.૧.૫૦ કરોડથી વધુની રકમ પડાવવામાં આવી હોવાનો આક્ષેપ છે. છેલ્લે ડોક્ટરને વધુ રકમ ભરવા જણાવવામાં આવતાં તેમણે આરોપીઓને રૂબરૂ મળવા અને તેમની ઓફિસમાં આવવાની વાત કરી હતી. જોકે, ત્યારબાદ આરોપીઓ ગલ્લા-તલ્લા કરતાં ડોક્ટરને પોતાની સાથે સાયબર ફ્રોડ થયો હોવાની શંકા જતાં તેમણે સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

લગ્નના સોનાના દાગીનાના નામે રૂ. ૧૭.૪૦ લાખની ઠગાઈ

કતારગામના યુવક પાસેથી ઓર્ડરના એડ્વાન્સ મેળવી ‘જય આદ્યા શક્તિ જ્વેલર્સ’ના સંચાલકે દાગીના ન આપ્યા

સુરતઃમોટા વરાછા વિસ્તારમાં આવેલી જ્વેલર્સની દુકાનના સંચાલકો દ્વારા લગ્નના સોનાના દાગીના બનાવી આપવાના બહાને ગ્રાહક પાસેથી લાખો રૂપિયા મેળવી ગુનાહિત વિશ્વાસઘાત આચરવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

કતારગામની અશોકનગર સોસાયટીમાં રહેતા અને ઓનલાઈન સેલર તરીકે કામ કરતા ૨૫ વર્ષીય અક્ષયભાઈ ભુપતભાઈ કુકડીયાના લગ્ન ડિસેમ્બર-૨૦૨૬ માં નક્કી થયા હોવાથી તેઓ પરિવાર સાથે તા. ૧૫/૦૪/૨૦૨૬ ના રોજ મોટા વરાછા ખાતે રાધેશ્યામ સોસાયટીમાં આવેલા ‘જય આદ્યા શક્તિ જ્વેલર્સ’ ખાતે ગયા હતા. અને રૂ. ૨૩,૪૪,૯૦૦ ની કિંમતના ૧૪૯.૬૯૦ ગ્રામ સોનાના ઘરેણાં પસંદ કર્યા હતા. જેના પેટે ૧૭,૪૦,૦૦૦ જેનિલ ઠેસીયાને ચૂકવી આપ્યા હતા. બાદમાં દાગીના લેવા જતાં જેનિલે ઉદ્ધત વર્તન કરી જણાવ્યું હતું કે, “હું તો પગારદાર છું, માલિક મારી મમ્મી રેણુકાબેન અને લંડન રહેતી બહેન નેન્સી છે. મમ્મીને કેન્સર હોવાથી પોલીસ કંઈ નહીં કરે અને હવે પૈસા માંગવા આવ્યા તો સામૂહિક આત્મહત્યા કરી તમને ફસાવી દેશું.” આ ધમકી આપી તે દુકાન બંધ કરીને ભાગી છૂટ્યો હતો. અંતે ઉત્રાણ પોલીસે જેનિલ ઠેસીયા, નેન્સી ઠેસીયા, રેણુકાબેન ઠેસીયા અને વિજય ભાદાણી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

આગમાં સાલાસર માર્કેટનો ગેરકાયદે શેડ ઉજાગર થતાં ડિમોલિશન કરાયું

પરવત-મગોબમાં જ સાલાસરની સાથે સાથે રાજ ટેક્સટાઈલ માર્કેટમાં પણ કવર કરાયેલા પેસેજને તોડી પડાયો

સુરત : મનપાના લિંબાયત ઝોન દ્વારા પરવટ-મગોબ ફાઈનલ ટી.પી. સ્કીમ નં.19માં આવેલા રાજ ટેક્ષટાઈલ માર્કેટમાં મંજૂર પ્લાન વિરુદ્ધ કવર કરાયેલા પેસેજને તોડી અંદાજે 800 ચોરસ ફૂટ જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી. આ ઉપરાંત મિલકતદાર પાસેથી રૂ.60 હજારનો વહીવટી ચાર્જ પણ વસૂલ કરવામાં આવ્યો હતો. મનપા દ્વારા રાજ ટેક્ષટાઈલ માર્કેટના મિલકતદાર, સેક્રેટરી અને વહીવટકર્તાઓને અગાઉ તા.29 મે અને 10 જૂને નોટિસ આપવામાં આવી હતી. તેમ છતાં બિનઅધિકૃત બાંધકામ દૂર કરવામાં ન આવતા તંત્રએ કાર્યવાહી હાથ ધરી બીજા માળે કવર કરવામાં આવેલો આશરે 800 ચોરસ ફૂટનો પેસેજ ખુલ્લો કરાવ્યો હતો. આ જ ટી.પી. સ્કીમના ફાઈનલ પ્લોટ નં.50/બીમાં આવેલા સાલાસર ટેક્ષટાઈલ માર્કેટમાં મંજૂર પ્લાન વિરુદ્ધ ટેરેસ પર બનાવવામાં આવેલા પતરાના શેડને દૂર કરવા મનપાએ તા.18 સપ્ટેમ્બરે નોટિસ પાઠવી હતી. નોટિસ બાદ તા.24 સપ્ટેમ્બરે માર્કેટના સંચાલકો દ્વારા ટેરેસ પર બનાવવામાં આવેલ પતરાના શેડનું સ્વૈચ્છિક ડિમોલિશન શરૂ કરવામાં આવ્યું હતું. તાજેતરમાં સાલાસર માર્કેટમાં લાગેલી આગમાં ગેરકાયદે શેડનો ભાંડો ફૂટ્યો હતો. જેથી તેનું ડિમોલિશન કરાયું હતું.

કબુતર સર્કલથી ડુંભાલ ફાયર સ્ટેશન રોડ દબાણમુક્ત

આ ઉપરાંત કબુતર સર્કલથી ડુંભાલ ફાયર સ્ટેશન તરફ જતા રોડ પર પણ દબાણ હટાવવાની ઝુંબેશ હાથ ધરાઈ હતી. રોડ પર પાથરણાવાળા અને લારીઓ દ્વારા કરવામાં આવેલા દબાણો દૂર કરી માર્ગ ખુલ્લો કરવામાં આવ્યો હતો. આ સમગ્ર કામગીરી સાઉથ ઈસ્ટ ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરના સીધા માર્ગદર્શન અને કાર્યપાલક ઈજનેરના નેતૃત્વ હેઠળ કરવામાં આવી હતી. શહેર વિકાસ વિભાગના ડે. ઈજનેર, ત્રણ આસીસ્ટન્ટ/જુનિયર ઈજનેર, બે સુપરવાઈઝર, બે ટેકનિકલ આસિસ્ટન્ટ, આશરે 30 બેલદાર અને પાંચ સિક્યુરિટી સ્ટાફ સહિતની ટીમ દ્વારા કાર્યવાહી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવી હતી.

ચેક રિટર્ન કેસમાં આરોપીને ૨ વર્ષની સજા

સુરતઃ ધી સુરત વણકર સહકારી સંઘ લિ.એ ૧૦ કરોડ ની લોન મેળવવા એડવાન્સ વ્યાજ સહિતની રૂપિયા ૩૩,૭૫,૦૦૦નીરકમ ચુકવ્યા બાદ લોનની રકમ ન મળતાં સંઘએ રકમ પરત માંગતા વિવિધ ફાઈનાન્સ કંપનીના અધિકૃત આરોપી એસ.થીયાગારાજન ઉર્ફે એસ.ટી. રાજન (ચેન્નાઇ) એ આપેલા ચેક રિટર્ન કેસમાં આરોપીને કોર્ટે બે વર્ષની કેદની સજા અને ૪૫ લાખનો દંડ ફટકાર્યો હતો. આરોપીએ લોન મંજૂર થઈ ગઈ હોવાનું જણાવી એડવાન્સ વ્યાજ પેટે ૩૨.૭૫ લાખ અને ઈન્સ્પેક્શન ચાર્જ પેટે ૧ લાખ લીધા હતાં. લોન નહીં મળતાં આરોપીએ લીધેલાં રૂપિયા પરત આપવા ચેક આપ્યા હતા. જે ચેક રિટર્ન થતાં સંઘના આશીષ રાઠીએ એડવોકેટ મહેશ પાંડે, ચેતન પાંડે મારફતે કોર્ટ ફરિયાદ કરી હતી. ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપીને સજા કરી હતી.

સંક્ષિપ્ત સમાચાર

સુરતના તેલુગુ સમાજે તિરુમલા ખાતે રાસ-ગરબા રજૂ કર્યા

સુરતઃ તિરુમલા-તિરુપતિ ખાતે તા. 15 થી 23 સપ્ટેમ્બર દરમિયાન આયોજિત સાલકટલા બ્રહ્મોત્સવમમાં સુરત સ્થિત શ્રી તિરુપતિ બાલાજી સેવા એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ મંદિરને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવા માટે તિરુમલા મંદિર તરફથી વિશેષ આમંત્રણ પ્રાપ્ત થયું હતું. સુરતમાં વસતા તેલુગુ સમાજના સભ્યો દ્વારા બ્રહ્મોત્સવમ દરમિયાન તા. 17 સપ્ટેમ્બરના રોજ મુત્યપૌંડિરી વાહનમ તથા તા. 18 સપ્ટેમ્બરના રોજ કલ્પવૃક્ષ વાહનમના પ્રસંગે રાસ-ગરબાની રજૂઆત કરવામાં આવી હતી. પરંપરાગત વેશભૂષા સાથે રજૂ કરવામાં આવેલા રાસ-ગરબાએ તિરુમલા ખાતે ઉપસ્થિત ભક્તો અને દર્શકોનું વિશેષ આકર્ષણ જમાવ્યું હતું.ટ્રસ્ટના સભ્યો તથા રાસ-ગરબા ટીમના 27 સભ્યોએ આ ઐતિહાસિક અને આધ્યાત્મિક પ્રસંગને યાદગાર બનાવ્યો હતો.

વૈદ્ય બાપાલાલ શાહની જન્મજયંતીની ઉજવણી, ગોલ્ડમેડલ આપવાની જાહેરાત

સુરતઃ અખિલ ભારતીય અભ્યાસ મંડળ દ્વારા સ્થાપક પ્રમુખ વૈદ્ય બાપાલાલભાઈ શાહની સ્મૃતિમાં ડો. મીનુભાઈ પરબિયાના સઘન પ્રયાસોથી વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે સ્થાપિત વૈદ્ય બાપાલાલ શાહ ચેર ખાતે વૈદ્ય બાપાલાલ શાહની જન્મજયંતિની ઉજવણી નિમિત્તે તા.22મી સપ્ટે.ના રોજ ‘ઉપજાવ ખેતી અને પાક સુધારણા વિષય પર એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડો. કિશોરસિંહ ચાવડા, એજ્યુકેટીવ કાઉન્સિલ મેમ્બર ડો. કશ્યપસિંહ ખારચીયા, મંડળના પ્રમુખ તથા રિસર્ચ સેન્ટરના આજીવન સલાહકાર જાણીતા વનસ્પતિવિદ્ ડો. મીનુભાઈ પરબીયા, બાપાલાલભાઈ વૈદ્યના પૌત્ર આનંદભાઈ વૈદ્ય અને પૂત્રવધુ સુધાબેન વૈદ્ય સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. આ પ્રસંગે ડો. મીનુભાઈ પરબીયા તથા પરિવારજનો દ્વારા સ્વર્ગસ્થ ડો. દિનાઝબેન પરબીયાની સ્મૃતિમાં બાયો સાયન્સ વિભાગમાં એમ.એસ. સી.માં સૌથી વધારે ગુણ મેળવનાર વિદ્યાર્થી માટે એક ગોલ્ડ મેડલની જાહેરાત કરવામાં આવી હતી. તેમજ 3 લાખ રૂપિયાની રકમ આ નિમિત્તે દાન કરી એન્ડોવમેન્ટ ફંડની રચના કરવામાં આવી હતી.

નદી આપવાનું કામ કરે છે, દરિયો લેવાનું જ કામ કરે છેઃ પદ્મદર્શનસૂરિજી

ભીવંડીઃ શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘ ભીવંડીના જૈન ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે ધર્મસભા સમક્ષ જણાવ્યું હતું કે, સમંદરને લોકો ઓળખે છે પણ નદીને લોકો ચાહે છે. સમુદ્રની પાસે અમાન-સમાન પાણી છે. એનું પાણી ક્યારેય ખૂટતૂં નથી. જેના પેટાળમાં મૂલ્યવાન રત્નો ધરબાયેલા છે. હજારો નદીઓ જેમાં ઠલવાય છે છતાં પણ દરિયાલાલનું જેટલું મહત્ત્વ નથી એના કરતાં લાખગણું મહત્ત્વ નદીનું છે. દરિયાને કદાચ કોઇ બાપ કહેતું હશે પણ નદીને તો લોકમાતાની ઉપાધિ મળી છે. સમંદરનું પાણી પીવા માટે ક્યારેય કામ આવતું નથી. જ્યારે નદીનું પાણી પશુ-પંખી અને માનવમાત્ર ધરાઇને પીએ છે. નદીની પાસે મીઠાસ છે. નદી હંમેશા આપવાનું કામ કરે છે જ્યારે દરિયો માત્ર લેવાનું જ કામ કરે છે.

આજે વિશ્વ ફાર્માસિસ્ટ ડે એક વર્ષમાં 1,750 મેડિકલ શોપની તપાસ, 67માં પ્રિસ્ક્રિપ્શન વિના દવાનું વેચાણ

71 મેડિકલ સ્ટોરમાં ફાર્માસિસ્ટ હતા જ નહીં!

79 ફર્મના લાઇસન્સ સસ્પેન્ડ અને 22 ફર્મના લાઇસન્સ રદ કરી દેવામાં આવ્યાં

સુરતઃ 25 સપ્ટેમ્બરે વિશ્વ ફાર્માસિસ્ટ ડેની ઉજવણી થઈ રહી છે ત્યારે સુરત શહેર અને જિલ્લામાં દવાના વેચાણ તથા ફાર્માસિસ્ટની હાજરીને લઈને સામે આવેલા આંકડા વ્યવસ્થાની સામે અનેક સવાલો ઊભા કરે છે. સુરત શહેર અને જિલ્લામાં કુલ 6,212 રજિસ્ટર્ડ ફાર્માસિસ્ટ અને તેટલી જ સંખ્યામાં એટલે કે 6,212 લાયસન્સ ધરાવતી રિટેલ મેડિકલ શોપ હોવાનું સામે આવ્યું છે. જોકે, છેલ્લા એક વર્ષ દરમિયાન દવાના વેપારમાં નિયમોનું પાલન થાય છે કે નહીં તે ચકાસવા માટે કરવામાં આવેલી તપાસ દરમિયાન અનેક ગેરરીતિઓ સામે આવી છે.

છેલ્લા એક વર્ષમાં સંબંધીત તંત્ર દ્વારા સુરત શહેર અને જિલ્લામાં કુલ 1,750 મેડિકલ શોપની તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન 67 કેસમાં પ્રિસ્ક્રિપ્શન વિના દવા વેચાણ સામે કાર્યવાહી કરવામાં આવી છે. જ્યારે ફાર્માસિસ્ટની ગેરહાજરી અથવા નિયમભંગના 71 કેસ પણ સામે આવ્યા છે. આ ઉપરાંત નિયમોના ભંગ બદલ 79 ફર્મના લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જ્યારે કાયદાની જોગવાઈઓના ભંગ બદલ 22 ફર્મના લાઈસન્સ રદ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. સુરત શહેર અને જિલ્લામાં રિટેલ મેડિકલ શોપની સંખ્યા અને રજિસ્ટર્ડ ફાર્માસિસ્ટની સંખ્યા બંને 6,212 હોવાનું નોંધાયું છે. આ પ્રમાણને જોતા દરેક મેડિકલ શોપ સાથે ફાર્માસિસ્ટની ઉપલબ્ધતાનો સવાલ ઊભો થાય છે. નિયમિત દવા વેચાણમાં ફાર્માસિસ્ટની ભૂમિકા માત્ર દવા કાઉન્ટર પરથી આપવાની નથી, પરંતુ દર્દીને દવાની યોગ્ય માત્રા, ઉપયોગની રીત, સમય, સંભવિત આડઅસર અને દવાઓ વચ્ચેની ક્રિયાપ્રતિક્રિયા અંગે જરૂરી માર્ગદર્શન આપવાની પણ છે. આ સ્થિતિમાં 71 સ્થળોએ ફાર્માસિસ્ટની ગેરહાજરી અથવા નિયમભંગ સામે કાર્યવાહી થઈ હોવાનું સામે આવતા દવા વેચાણની વ્યવસ્થાની દેખરેખ સામે પ્રશ્નો ઊભા થાય છે.

પ્રિસ્ક્રિપ્શન વિના દવા વેચાણ ગંભીર મુદ્દો

દર્દીની સારવારમાં કઈ દવા, કેટલા ડોઝમાં અને કેટલા સમય માટે લેવી તે તબીબી સલાહ સાથે જોડાયેલો વિષય છે. તેમ છતાં છેલ્લા એક વર્ષમાં 67 કેસમાં પ્રિસ્ક્રિપ્શન વિના દવા વેચાણ સામે કાર્યવાહી થઈ છે.

વિસર્જનના દિવસે શ્રમદાનનો ફતવો, વિરોધ થતાં પાછો લેવાયો

વિસર્જનના દિવસે ટ્રાફિક વ્યવસ્થા ખોરવાવાની સાથે બસ સેવા પણ ઠપ્પ તો શિક્ષકો કેવી રીતે આવે?

આટલી સામાન્ય સમજ પણ શાસકો અને અધિકારીઓને આવી નહીં?

સુરત : સુરત મનપા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસકો અને અધિકારીઓની ‘અક્કલનું પ્રદર્શન’ કરાવતો વધુ એક ઘોર નમૂનો સામે આવ્યો છે. ગણેશ વિસર્જનના પવિત્ર અને અતિ સંવેદનશીલ દિવસે સમગ્ર સુરત શહેર સ્તબ્ધ થઈ જાય, રસ્તાઓ પર કડક બેરિકેડિંગ હોય, ટ્રાફિક વ્યવસ્થા સંપૂર્ણ ખોરવાયેલી હોય અને ખુદ પાલિકાની બસ સેવા પણ ઠપ્પ હોય, તેવા સંજોગોમાં પણ ‘સાહેબો’એ વાતાનુકૂલિત ચેમ્બરોમાં બેસીને શિક્ષકો માટે શાળાએ પહોંચવાનો ફરજિયાત ‘ફતવો’ બહાર પાડી દીધો હતો! ‘સેવા સંકલ્પ અભિયાન’ અંતર્ગત શ્રમદાન કરાવવાના નામે શિક્ષકોને ૨૫ સપ્ટેમ્બરે શાળાએ હાજર રહેવાનો હુકમ તો ઠોકી જ દેવાયો, સાથે સોશિયલ મીડિયા પર તેનો પ્રચાર-પ્રસાર કરવાનો વધારાનો માનસિક બોજ પણ લાદી દેવાયો. વાહનવ્યવહારના કોઈ જ ઠેકાણા ન હોવા છતાં, વ્યવહારુ બુદ્ધિનો ઉપયોગ કર્યા વિના જ શિક્ષકોની હાજરી ફરજિયાત કરી દેવાતા શિક્ષક આલમમાં ભારે રોષ અને અસંતોષનો વિસ્ફોટ થયો હતો. સતત બિનશૈક્ષણિક કામગીરીના બોજ હેઠળ પીસાતા શિક્ષકોએ તંત્રના આ તઘલખી નિર્ણય સામે તીખા સવાલો ઊભા કર્યા હતા.